CAREERS360

# Gujarat Board 12th History

## Model Paper 2021

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## શૈક્ષણિક વર્ષ 2020-21 માટે
## ધોરણ-12 : ઈતિહાસ (029) (સામાન્ય પ્રવાહ)
## વાર્ષિક પરીક્ષા

**સમય : 3 કલાક** **પ્રશ્નપત્રનું પરિરૂપ** **કુલ ગુણ : 100**

**નોંધ :** આ પરિરૂપ વિદ્યાર્થીઓ, શિક્ષકો, પ્રાશ્નિકો, મૉડરેટર્સના માર્ગદર્શન માટે છે. જે તે વિષયોના પ્રાશ્નિક તેમજ મૉડરેટર્સને માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણના બૃહદ્ હાર્દ/ઉદ્દેશને સુસંગત રહી પ્રશ્નપત્રની સંરચના બાબતે ફેરફાર કરવાની છૂટ રહેશે.

**હેતુઓ પ્રમાણે ગુણભાર :**

| હેતુઓ | જ્ઞાન (K) | સમજ (U) | ઉપયોજન (A) | સંયોજન / કૌશલ્ય (S) | કુલ |
|---|---|---|---|---|---|
| ગુણ | 38 | 27 | 20 | 15 | 100 |
| ટકા | 38 | 27 | 20 | 15 | 100 |

**પ્રશ્નના પ્રકાર પ્રમાણે ગુણભાર :**

| ક્રમાંક | પ્રશ્નનો પ્રકાર | પ્રશ્નોની સંખ્યા | | કુલ ગુણ |
|---|---|---|---|---|
| | | જનરલ વિકલ્પ વિના | જનરલ વિકલ્પ સાથે | |
| 1. | હેતુલક્ષી પ્રશ્નો (O) | 15 | 15 | 15 |
| 2. | અતિ ટૂંક જવાબી પ્રશ્નો (VSA) | 15 | 15 | 15 |
| 3. | ટૂંક જવાબી પ્રશ્નો (SA-I) | 10 | 14 | 20 |
| 4. | ટૂંક જવાબી પ્રશ્નો (SA-II) | 10 | 14 | 30 |
| 5. | લાંબા પ્રશ્નો (LA) | 04 | 06 | 20 |
| | કુલ | **54** | **64** | **100** |

**પ્રકરણ દીઠ ગુણભાર :**

| ક્રમ | પાઠ / પ્રકરણનું નામ | પ્રકરણદીઠ ગુણભાર | |
|---|---|---|---|
| | | જનરલ વિકલ્પ વિના ગુણ | જનરલ વિકલ્પ સાથે ગુણ |
| 1. | પૂર્વભૂમિકા અને અર્વાચીન ભારતના ઈતિહાસની આધારસામગ્રી | 07 | 07 |
| 2. | 18મી સદીના ભારતનો ઉત્તરાર્ધ અને સત્તાપ્રાપ્તિ માટે સંઘર્ષ | 07 | 07 |
| 3. | ભારતમાં યુરોપિયનોનું આગમન | 07 | 12 |
| 4. | ભારતમાં ઈસ્ટ ઈન્ડિયા કંપનીનું વહીવટી માળખું | 07 | 07 |
| 5. | 1857નો સંગ્રામ | 12 | 14 |
| 6. | કંપની સરકારની આર્થિક અસરો | 07 | 09 |
| 7. | સામાજિક અને ધાર્મિક સુધારણાની ચળવળો | 10 | 13 |
| 8. | રાષ્ટ્રીય આંદોલનો (1857 થી 1919) | 11 | 13 |
| 9. | સ્વરાજ માટેનો સંઘર્ષ (ઈ.સ. 1919-1947) | 09 | 12 |
| 10. | પ્રગતિનો પંથ અને સુદૃઢ રાષ્ટ્ર નિર્માણની પ્રક્રિયા | 07 | 10 |
| 16. | સમકાલીન વિશ્વમાં રાજનીતિ, અર્થકારણ અને સમાજ | 08 | 13 |
| 17. | વિજ્ઞાન અને ટેક્નોલોજીના લીધે સમાજ અને સંસ્કૃતિમાં આવેલાં પરિવર્તનો | 08 | 13 |
| | કુલ | **100** | **130** |

**નોંધ : જનરલ વિકલ્પ સાથે દર્શાવેલ પ્રશ્નના ગુણ નમૂનાના પ્રશ્નપત્ર પ્રમાણે દર્શાવેલ છે. અન્ય પ્રશ્નપત્ર માટે આ ગુણ અલગ હોઈ શકે છે.**

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

**શૈક્ષણિક વર્ષ 2020-21 માટે**
**ધોરણ-12 : ઈતિહાસ (029) (સામાન્ય પ્રવાહ)**
**વાર્ષિક પરીક્ષા**

**સમય : 3 કલાક** **પ્રશ્નપત્રનું માળખું** **કુલ ગુણ : 100**

| પ્રશ્ન ક્રમ | વિભાગ તથા પ્રશ્નની વિગત | ગુણ |
|---|---|---|
| 1 થી 15 | **વિભાગ - A** નીચે આપેલા 1 થી 15 પ્રશ્નોમાં આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરીને ઉત્તર લખો. (દરેકનો 1 ગુણ) | 15 |
| 16 થી 30 | **વિભાગ - B** નીચે આપેલા 16 થી 30 પ્રશ્નોના ઉત્તર એક વાક્યમાં લખો. (દરેકનો 1 ગુણ) | 15 |
| 31 થી 44 | **વિભાગ - C** નીચે આપેલા 31 થી 44 પ્રશ્નોમાંથી કોઈપણ 10 (દસ) પ્રશ્નોના ઉત્તર સંક્ષિપ્તમાં લખો. (દરેકના 2 ગુણ) | 20 |
| 45 થી 58 | **વિભાગ - D** નીચે આપેલા 45 થી 58 પ્રશ્નોમાંથી કોઈપણ 10 (દસ) પ્રશ્નોના મુદ્દાસર ઉત્તર લખો. (દરેકના 3 ગુણ) | 30 |
| 59 થી 64 | **વિભાગ - E** નીચે આપેલા 59 થી 64 પ્રશ્નોમાંથી કોઈપણ 4 (ચાર) પ્રશ્નોના ઉત્તર સવિસ્તાર ઉત્તર લખો. (દરેકના 5 ગુણ) | 20 |
| | **કુલ** | **100** |

**નોંધ :** ગુ.મા.ઉ.મા.શિ. બોર્ડ દ્વારા શૈક્ષણિક વર્ષ 2020-21 માટે અભ્યાસક્રમના રદ કરેલા પ્રકરણ/મુદ્દાઓમાંથી પ્રશ્નો પૂછવા નહિ.

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## ધોરણ-12 : ઈતિહાસ (029) (સામાન્ય પ્રવાહ)
## વાર્ષિક પરીક્ષા
## નમૂનાનું પ્રશ્નપત્ર

**સમય : 3 કલાક** **કુલ ગુણ : 100**

**સૂચનાઓ :**

- આ પ્રશ્નપત્રમાં કુલ પાંચ વિભાગ છે.
- પ્રશ્નોની સૂચના પ્રમાણે ઉત્તર લખવા.
- નવો વિભાગ નવા પાના પર લખવો.

### વિભાગ - A

- **નીચેના 1 થી 15 પ્રશ્નોમાં આપેલ વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરીને ઉત્તર લખો. (દરેકનો 1 ગુણ)** **[15]**

(1) રાષ્ટ્રીય અભિલેખાગાર ક્યાં આવેલું છે ?
(A) મુંબઈ (B) કોલકાતા (C) દિલ્હી (D) ચેન્નાઈ

(2) મરાઠા સત્તામાં સર્વપ્રથમ પેશ્વા કોણ હતા ?
(A) શાહુ (B) બાલાજી બાજીરાવ (C) બાજીરાવ પ્રથમ (D) બાલાજી વિશ્વનાથ

(3) મુંબઈ ટાપુ અંગ્રેજોને કોની પાસેથી મળ્યો હતો ?
(A) મરાઠા (B) મુઘલ (C) ફ્રાન્સ (D) પોર્ટુગલ

(4) ફોર્ટ વિલિયમ કૉલેજ ક્યાં સ્થાપવામાં આવી ?
(A) કોલકાતા (B) મુંબઈ (C) ચેન્નાઈ (D) અમદાવાદ

(5) રાણી લક્ષ્મીબાઈ કયા રાજ્યની રાણી હતાં ?
(A) ઈંદોર (B) નાગપુર (C) સતારા (D) ઝાંસી

(6) પેશ્વા બાજીરાવ બીજાનો દત્તકપુત્ર કોણ હતો ?
(A) તાત્યા ટોપે (B) નાના સાહેબ (C) અમૃતરાવ (D) માધવરાવ

(7) ઢાકાનું કયું વસ્ત્ર વિશ્વ વિખ્યાત હતું ?
(A) રેશમ (B) મલમલ (C) શાલ (D) દુપટ્ટા

(8) ‘‘સ્વરાજ મારો જન્મસિદ્ધ અધિકાર છે.’’ એ સૂત્ર કોણે આપ્યું ?
(A) લાલા લજપતરાય (B) બાળગંગાધર ટિળક (C) બિપિનચંદ્ર પાલ (D) ગોપાળકૃષ્ણ ગોખલે

(9) સાયમન કમિશનનો વિરોધ કરતી વખતે પોલીસના લાઠીમારથી કોનું અવસાન થયું હતું ?
(A) લાલા લજપતરાય (B) બાળગંગાધર ટિળક (C) ગોપાલકૃષ્ણ ગોખલે (D) બિપિનચંદ્ર પાલ

(10) વ્યક્તિગત સત્યાગ્રહના પ્રથમ સત્યાગ્રહી કોણ હતા ?
(A) ગાંધીજી (B) વિનોબા (C) નેહરુ (D) સરદાર

(11) ભારતે પ્રથમ અણુધડાકો કયા સ્થળે કર્યો ?
(A) બેંગ્લોર (B) પોખરણ (C) અમદાવાદ (D) કચ્છ

(12) સતીપ્રથા ઉપર પ્રતિબંધ મૂકતો કાયદો કોણે ઘડ્યો ?
(A) રોબર્ટ ક્લાઈવ (B) ડેલહાઉસી (C) વિલિયમ બૅન્ટિક (D) વાઇસરૉય કેનિંગ

(13) પ્રમુખગત લોકશાહી કયા દેશમાં આવેલી છે ?
(A) અમેરિકા (B) ઈંગ્લેન્ડ (C) ભારત (D) મ્યાંનમાર

(14) રક્તવિહીન ક્રાંતિ કયા દેશમાં થઈ?

(A) ફ્રાન્સ (B) ઈટાલી (C) અમેરિકા (D) ઈંગ્લેન્ડ

(15) ડી.એન.એ. પર સંશોધન કરનાર ભારતીય વિજ્ઞાની કોણ?

(A) અમર્ત્ય સેન (B) હરગોવિંદ ખુરાના

(C) રાધાક્રિષ્નન (D) એ.પી.જે. અબ્દુલ કલામ

## વિભાગ - B

- **નીચે આપેલ 16 થી 30 પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો (દરેકનો 1 ગુણ)** **[15]**

(16) 'ગાંધીજીનો અક્ષરદેહ' પ્રકાશિત કરનાર પ્રકાશકનું નામ જણાવો.

(17) પ્લાસીનું યુદ્ધ ક્યારે થયું?

(18) બકસરના યુદ્ધ સમયે બંગાળનો નવાબ કોણ હતો?

(19) રેગ્યુલેટિંગ ઍક્ટ ક્યારે અમલમાં આવ્યો?

(20) 1857 ના સ્વાતંત્ર્ય સંગ્રામનો પ્રથમ શહીદ કોણ હતો?

(21) ડેલહાઉસીએ રાજાઓનો કયો અધિકાર નામંજૂર કર્યો?

(22) હસ્તકલા કારીગરીના ઉદ્યોગોમાં ભારતનો મુખ્ય ઉદ્યોગ કયો હતો?

(23) સત્યશોધક સમાજની સ્થાપના કોણે કરી હતી?

(24) રામકૃષ્ણ મિશનની સ્થાપના કોણે કરી હતી?

(25) લંડનમાં 'ઈન્ડિયન હોમરૂલ સોસાયટી'ની સ્થાપના કોણે કરી હતી?

(26) મહાત્મા ગાંધીનો પ્રથમ સત્યાગ્રહ કયો?

(27) ભારતમાં 'આયોજન પંચ'ની રચના ક્યારે કરવામાં આવી હતી?

(28) ઔદ્યોગિક ક્રાંતિની શરૂઆત કયા દેશમાં થઈ?

(29) જૈવિક વિજ્ઞાનની શોધ કરનાર વૈજ્ઞાનિક કોણ છે?

(30) ટેલિફોનની શોધ કયા વૈજ્ઞાનિકે કરી?

## વિભાગ - C

- **નીચે આપેલા 31 થી 44 પ્રશ્નોમાંથી કોઈપણ 10 પ્રશ્નોના જવાબ સંક્ષિપ્તમાં લખો. (દરેકના 02 ગુણ)** **[20]**

(31) બ્રિટિશ સિક્કાઓમાંથી પ્રાપ્ત થતો ઈતિહાસ જણાવો.

(32) પ્લાસી અને બકસરનું યુદ્ધ ક્યારે થયું?

(33) દ્વિમુખી શાસન પધ્ધતિ એટલે શું?

(34) વિલિયમ બેન્ટિકના ન્યાયવિષયક સુધારા જણાવો.

(35) નવી એન્ફિલ્ડ રાઈફલની કારતૂસમાં કેવી ચરબીનો ઉપયોગ થયો હતો?

(36) કયા યુદ્ધથી અંગ્રેજો બંગાળના માલિક બન્યા હતા?

(37) આર્યસમાજની સ્થાપના કોણે અને ક્યાં કરી હતી?

(38) રાજા રામમોહન રાયને 'રાજા'ની પદવી કોણે આપી હતી?

(39) બંગભંગનું આંદોલન શા માટે શરૂ થયું હતું ?

(40) સાયમન કમિશનનો વિરોધ શા માટે કરવામાં આવ્યો હતો ?

(41) હરિયાળી ક્રાંતિ એટલે શું ?

(42) આતંકવાદ એટલે શું ?

(43) શક્તિના વિભિન્ન સ્ત્રોતો જણાવો.

(44) ક્લાઈવે મુઘલ સમ્રાટ પાસેથી કઈ સત્તા મેળવી ?

## વિભાગ - D

- **નીચે આપેલા 45 થી 58 પ્રશ્નોમાંથી કોઈપણ 10 પ્રશ્નોના જવાબ લખો.** (દરેકના 3 ગુણ) **[30]**

(45) ભારતીય રાષ્ટ્રીય અભિલેખાગાર વિશે ટૂંકમાં માહિતી આપો ?

(46) ટીપુ સુલતાનની આંતરિક નીતિ વિશે જણાવો.

(47) ડેલહાઉસીની ખાલસા નીતિ સમજાવો.

(48) કોર્નવૉલિસનું વહીવટી તંત્રના નિર્માણમાં પ્રદાન સ્પષ્ટ કરો.

(49) 1857 ના સંગ્રામનાં કારણોની છણાવટ કરો.

(50) ભારતના હુન્નર ઉદ્યોગના નાશ માટે અંગ્રેજોએ શાં પગલાં ભર્યા ?

(51) ટૂંક નોંધ લખો - સ્વામી વિવેકાનંદ

(52) રાજા રામમોહનરાયે સમાજ સુધારણા માટે કઈ કઈ પ્રવૃત્તિઓ કરી ?

(53) ભારતમાં ક્રાંતિકારી પ્રવૃત્તિઓ વિશે લખો.

(54) અસહકારના આંદોલન વિશે નોંધ લખો.

(55) ભારત-પાકિસ્તાન સંબંધો વિશે નોંધ લખો.

(56) વિશ્વમાં થયેલા આતંકવાદી હુમલા પર ટૂંકમાં લખો.

(57) વર્તમાનપત્રોનું સામાજિક મહત્ત્વ સ્પષ્ટ કરો.

(58) ઔદ્યોગિકીકરણ વિશે માહિતી આપો.

## વિભાગ - E

- **નીચે આપેલા 59 થી 64 પ્રશ્નોમાંથી કોઈપણ 4 પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો.** (દરેકના 05 ગુણ) **[20]**

(59) પ્લાસીનું યુધ્ધ ભારતના ઈતિહાસમાં શું સ્થાન ધરાવે છે તે સ્પષ્ટ કરો.

(60) 1857 ના સંગ્રામની નિષ્ફળતાનાં કારણો ચર્ચો.

(61) વિદેશોમાં ક્રાંતિકારી પ્રવૃત્તિઓની વિગતો દર્શાવો.

(62) ભારતીય સ્વતંત્રતા સંગ્રામમાં સુભાષચંદ્ર બોઝનું પ્રદાન સ્પષ્ટ કરો.

(63) ઉદ્યોગીકરણની અસરો ચર્ચો.

(64) ચર્ચા કરો - 'ઈન્ફોર્મેશન ટેક્નોલોજીએ વિશ્વને એક ગામડું બનાવી દીધું છે.'

●●●